તેજ આઈ કેર દ્વારા સેક્ટર-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે નેત્ર ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

જિલ્લાની તમામ કોર્ટ સંકુલમાં સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે

વકીલો ગુરૂવારે એક સાથે ઝાડુ પકડશે

ગાંધીનગર, તા. ૧૩

દેશમાં અને રાજ્યમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને મોતી જેવો ચોખ્ખો બનાવવા હાંકલ કરી છે. જિલ્લાની અદાલતોમાં બાર એસોસિએશન દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે. અભિયાનમાં એસોસિએશનના વકીલમિત્રોને ઉત્સાહપૂર્વક ભાગ લેવા જણાવ્યું છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય કરણસિંહ વાઘેલાએ જણાવ્યું છે કે, ગુજરાતના વકીલોના પડતર પ્રશ્નોને લઈને મુખ્યમંત્રી આનંદીબેનની મુલાકાત લેવામાં આવી હતી. ત્યારે મુખ્યમંત્રીએ સ્વચ્છ ભારત અભિયાનમાં જોડાવા અપિલ કરી હતી. જેના ભાગરૂપે વકીલો દ્વારા શ્રમયજ્ઞની શરૂઆત કરવામાં આવશે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત રાજ્યની તમામ અદાલતોમાં આગામી ૧૬મી ઓક્ટોબરથી સવારે ૧૦ વાગે સફાઈ અભિયાન હાથ ધરાશે. ગાંધીજીના સ્વચ્છ ભારતના સંદેશને સાર્થક કરવા વકીલો કોર્ટ સંકુલમાં શ્રમદાન કરશે. ગાંધીનગર ઉપરાંત માણસા દિવાની કોર્ટ બિલ્ડીંગ, કલોલ દિવાની કોર્ટ બિલ્ડીંગ તેમજ દહેગામ દિવાની કોર્ટ બિલ્ડીંગને સ્વચ્છ બનાવવામાં આવશે.

અભિયાનમાં ગાંધીનગર બાર એસોસિએશન, ડીસ્ટ્રીક્ટ બાર એસોસિએશન, એમ.એસ. સીટી. બાર એસોસિએશન, ક્રિમિનલ બાર એસોસિએશનના પ્રમુખો, સભ્યો તેમજ વકીલ મિત્રો સાફ સફાઈ હાથ ધરશે.

જૂના જર્જરીત થઈ ગયેલ સરકારી આવાસોને પુનઃ નિર્માણ કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. સેક્ટર-૧૬ માં આવા મકાનોને નવેસરથી રંગરૂપ આપી રહેવાલાયક બનાવાઈ રહ્યા છે. (તસવીર : કશ્યપ નીમાવત)

'ચ' માર્ગ પર અજાણ્યા વાહનની ટકકરે યુવાનનું મોત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના 'ચ' માર્ગ પર ગત રોજ મોડી રાત્રે અજાણ્યા વાહન ચાલકે ૨૫ વર્ષીય રાહદારીને અડફેટે લેતા ઘાયલ યુવાનનું સારવાર દરમિયાન કરુણ મોત નિપજયું હતું. આ સંદર્ભે સે-૨૧ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના સેકટર-૨૦માં સ્થિત ચર્ચની પાસે આવેલા છાપરામાં રહેતા ૨૫ વર્ષીય મહેશ ઈશ્વરભાઈ દંતાણી મોડી રાત્રે ચ માર્ગ પરથી ચાલતા પસાર થઈ રહ્યો હતો દરમિયાન માર્ગ પર દોડી આવતા અજાણ્યા વાહના ચાલકે રાહદારી મહેશ દંતાણીને જોરદાર ટકકર મારતા યુવાન માર્ગ પરથી દૂર ફંગોળાઈને ફેંકાઈ ગયો હતો આથી ગંભીર રીતે ઘાયલ યુવાનને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમિયાન યુવાનું કરુણ મોત થયું હતું. આ અકસ્માત અંગે સે-૨૧ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી અજાણ્યા વાહન ચાલકની શોધખોળ હાથ ધરી છે.

ટપાલ વિભાગ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન

ભારતીય ટપાલ વિભાગ દ્વારા રાષ્ટ્રીય ટપાલ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ગાંધીનગર ટપાલ વિભાગ દ્વારા તા. ૧૫ ઓક્ટોબરના રોજ ઉજવણીના ભાગરૂપે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રક્તદાન કેમ્પ સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી સેક્ટર-૧૨ સિવિલ હોસ્પિટલ ખાતે યોજાશે. કેમ્પમાં ટપાલ વિભાગના કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકોને કેમ્પમાં જોડાવા અધિક્ષકે જણાવ્યું છે.

ઉર્જાનગરના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા : તિજોરી ઉઠાવી પલાયન

તસ્કરો તિજોરીમાંથી ૧૭,૦૦૦ નો મુદ્દામાલ લઈ છૂમંતર

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નજીકના રાંદેસણ ગામની સીમમાં સ્થિત ઉર્જાનગરના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા અને ઘરમાંથી આખી તિજોરી ઉઠાવી પાસેના ખેતરમાં લઈ જઈ તેના તાળા તોડી તેમાં રહેલ રોકડ રકમ અને ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૧૭,૦૦૦ નો મુદ્દામાલ લઈ પલાયન થઈ ગયા હતા. આ સંદર્ભે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીનગર નજીક રાંદેસણ ગામની સીમમાં ઉર્જાનગર આવેલ છે. જ્યાં મકાન નં. ૧૨૯ માં રહેતા સુરેન્દ્રપ્રસાદ નંદશંકર ભટ્ટ પોતાના પરિવાર સાથે ગત રોજ પોતાનું મકાન બંધ કરી પોતાના સગાને ત્યાં સામાજિક કામ અર્થે ગયા હતા. બસ આજ બંધ મકાનનો લાભ લઈ કેટલાક તસ્કરો મકાનમાં ત્રાટક્યા હતા. તસ્કરોએ બંધ મકાનના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદમાં મકાનમાં રહેલી આખેઆખી તિજોરી તસ્કરો ઉઠાવી નજીકના જુવારના ખેતરમાં લઈ ગયા હતા અને ત્યાં તિજોરી તોડી તેમાંથી રૂ. ૧૨ હજાર રોકડા અને ચાંદીના સિક્કા મળી કુલ રૂ. ૧૭,૦૦૦ નો મુદ્દામાલ લઈ પલાયન થઈ ગયા હતા. ચોરી અંગે મકાનમાલિકને જાણ થતા તેમણે ઈન્ફોસિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સુરેન્દ્રપ્રસાદ ભટ્ટની ફરિયાદના આધારે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

આજે ચિલોડામાં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો આજે બપોરે ૨.૦૦ થી ૫.૦૦ દરમિયાન જશોદાબેન વિષ્ણુપ્રસાદ રાવલના નિવાસસ્થાન બ્રાહ્મણવાસ મોટા ચિલોડા ખાતે યોજવામાં આવશે. દરેક માઈ ભક્તોને માતાજીના ગરબાના દર્શન કરવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે.

આલમપુર પાસે બાઈકસવાર યુવાન પર હેવી કન્ટેનર ફરી વળ્યુ

બાઈકસવાર યુવાનને લોહીલુહાણ હાલતમાં અપોલો ખસેડાયો

અકસ્માતમાં યુવાનના જમણા હાથ પર કન્ટેનર ફરી વળ્યું

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આલમપુર પાટીયા પાસે હેવી કન્ટેનર અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત થયો હતો. જેમાં બાઈક સવાર યુવાનનો જમણો હાથ કચડાઈ જતા લોહીલુહાણ હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં યુવાનની હાલત વધુ ગંભીર છે.

પ્રાંતિજનો અને હાલ ચિલોડા ખાતે રહેતો યુવાન સોહનભાઈ પટેલ લેકાવાડા પાસે એરફોર્સ સ્ટેશનમાં નોકરી કરી રહ્યો હતો. દરમિયાન આજે યુવાન સોહન પટેલ પોતાના બાઈક નં. જીજે-૯-ક્યુ-૭૧૯૮ પર ચિલોડાથી લેકાવાડા જઈ રહ્યો હતો. બસ આજ અરસામાં મિલેટ્રી સ્ટેશન પાસે પુરપાટ ઝડપે દોડી આવતી હેવી કન્ટેનર નં. આર.જે.૧૩-જીબી-૬૧૯૫ ના ચાલકે બાઈક સવારને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક સવાર યુવાનનો જમણો હાથ કચડાઈ જતા લોહીલુહાણ હાલતમાં યુવાન માર્ગ પર તડફડીયા મારતો હતો. ગંભીર રીતે ઘાયલ યુવાનને સત્વરે અપોલો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં યુવાન હજુ પણ બેભાન હાલતમાં જીંદગી અને મોત વચ્ચે જોલા ખાઈ રહ્યો છે. આ મામલે ચિલોડા પોલીસે કન્ટેનરના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

(તસવીર : નટુભાઈ પટેલ)

પેથાપુર થઈ એસ.ટી. બસો ન જતાં કોલેજના વિદ્યાર્થીઓને ભારે હાલાકી

વિસનગર ડેપોની બે બસોને વાયા પેથાપુર કરવા માંગ, મેયરની ભલામણની પણ અવગણના

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં આવેલ સરકારી ઈજનેરી કોલેજ તથા વાસણ મહાદેવની શંકરસિંહ બાપુ કોલેજમાં ગાંધીનગર તથા પેથાપુરના અનેક વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેઓ એસ.ટી. બસના વિદ્યાર્થી પાસ મેળવી દૈનિક આવન જાવન કરે છે. જેમાં વિસનગર એસ.ટી. ડેપોની બે બસોને વાયા પેથાપુર કરવા ૮૦થી વધુ વિદ્યાર્થીઓની લાંબા સમયની માંગ છે અને વ્યાજબી માંગણી જણાતાં ગાંધીનગરના મેયરે પણ વિભાગીય નિયામકને પત્ર લખી બસના રૂટમાં ફેરફાર કરવા ભલામણ કરી છે. છતાં તંત્ર એ વિદ્યાર્થીઓ તેમજ નગરના પ્રથમ નાગરીકની ભલામણને પણ અવગણી નાખી છે જેથી તંત્ર તરફે રોષ ઉભો થયો છે.

પ્રાપ્ત વિગતોનુસાર મહેસાણા વિભાગના વિસનગર ડેપો સંચાલિત બે બસો જે સેકટર-૨૮ ગાંધીનગરની સરકારી ઈજનેરી કોલેજ નજીક તેમજ શંકરસિંહ બાપુ કોલેજ ના છુટવાના સમયે આવે છે જેથી ગાંધીનગર તથા અમદાવાદથી અભ્યાસ અર્થે આવતા ઘણા વિદ્યાર્થીઓ માટે આર્શીવાદરૂપ છે. પરંતુ આ બે બસો પેથાપુર, જીઈબી કોલોનીના ૮૦થી વધુ વિદ્યાર્થીઓ માટે નકામી સાબિત થઈ રહી છે કારણ કે આ બે બસોનો માર્ગ હાલ રાંધેજા ચોકડીથી ક-૭, ક-૬ થઈ ઘ-૬, ૫ અને ગાંધીનગર ડેપોમાં જાય છે. આ માર્ગ તમામ વિદ્યાર્થીઓ માટે બિન જરુરી બન્યો છે જયારે આ બે બસો જો પેથાપુર ચોકડી, જીઈબી (ચરેડી) ચોકડી થઈને પસાર થાય તો વિદ્યાર્થીઓને મુસાફરી કરવી સહેલી બને તેમ છે. તેમજ તે અંગે લેખિત તથા મૌખિક રજુઆતો તંત્રને કરી છે છતાં કોઈ જ પગલાં ન લેવાતા છેવટે ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણાને રજુઆત કરી હતી.

જે અન્વયે મેયર મહેન્દ્રસિંહે મહેસાણાના વિભાગીય નિયામકને એક માસ અગાઉ ભલામણ કરી વિદ્યાર્થીઓની વ્યાજબી માંગણીને ન્યાય આપવા પત્ર લખ્યો હતો. છતાં તંત્રએ વિસનગર-બાપુનગર વાયા ગોઝારીયા તેમજ વડનગર-અમદાવાદ વાયા માણસા બસોના રૂટમાં કોઈ જ ફેરફાર ન કરી જવાબદાર પ્રથમ નાગરીક એવા મેયરની ભલામણને પણ અવગણી નાંખી છે. બસના રૂટમાં ફેરફાર થવાથી આવક વધવાની છે તેમજ હાલનો માર્ગ બિન જરુરી છે છતાં તંત્ર આ અંગે કોઈ પણ જાતની તપાસ કે કાર્યવાહી ન કરતાં સમગ્ર વિદ્યાર્થી વર્ગ રોષે ભરાયો છે.

ચૈતન્ય સ્કૂલ ખાતે મેઘદુતમ્ વાર્ષિકોત્સવની ઉષ્માભેર ઉજવણી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સ્થિત ચૈતન્ય સ્કૂલ ખાતે ૧૦મી ઓક્ટોબરનાં રોજ ૧૧માં વાર્ષિકોત્સવની રંગારંગ ઉજવણી કરવામાં આવી. ભારતીય સંકૃતિ પ્રત્યેના પ્રગતિશીલ ખ્યાલ સાથે આ વર્ષે શાળામાં 'એર એન્ડ સ્પેસ'ના વિષય પર વાર્ષિકોત્સવના કાર્યક્રમની રજુઆત કરવામાં આવી હતી.

આજના અત્યાધુનિક યુગ અને કવિ કાલીદાસનાં 'મેગદુત' નાટક સાથે તાલમેલ મેળવીને કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. વિશેષ રજુઆતનાં ભાગરૂપે શાળાનાં વિદ્યાર્થીઓએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પ્રેરિત 'સ્વચ્છ અભિયાન' તેમજ મંગળ ગ્રહ પર પહોંચેલ 'માંગલ્ય મિશન'ની અનેરી વાતો કરી હતી. આ ઉપરાંત ભારત દેશ અવકાશી ક્ષેત્રમાં પ્રગતિ તથા અવનવી સિદ્ધિઓ હાંસલ કરશે એવી આશા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમાં દર્શાવેલ અદ્‌ભૂત વેશભૂષાએ પ્રેક્ષકગણનું ધ્યાન ખેંચ્યું હતું. ગુજરાત રાજ્યનાં શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા પાઠવવામાં આવેલ શુભેચ્છા સંદેશનું પઠન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અતિથિવિશેષ અમદાવાદ મ્યુનિસિપલ નાયબ અધિકારી, ઓડાના ચિફ તેમજ આઈ.ઈ.એસ. અધિકારી શ્રીમતી ડી. તારા તથા આઈ.આર.એ.એસ. અધિકારી શ્રી મુંગુથને પોતાની હાજરી આપી હતી. બાળકોને તણાવમાંથી મુક્તિ મેળવીને બાળપણને કેમ ખીલવવું તેના વિશે ડૉ. તારાએ પોતાના સંબોધન 'તનાવ મુક્ત બચપન'માં જણાવ્યું હતું.

શાળાનાં સંચાલક શ્રીમતી ઈલિઝાબેથ કોશી દ્વારા શાળાનાં શિક્ષણની ગુણવત્તાનો પરિચય કરાવવામાં આવ્યો હતો. શાળાની ગુણવત્તા દર્શાવે છે કે શ્રી વિદ્યાનિકેતન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ચૈતન્ય સ્કૂલ માટે શિક્ષા એ વ્યવસાય નહી પરંતુ માત્ર સેવાનું માધ્યમ છે.

આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીઓ, સલાહકાર શ્રી રવિ ગોપાલન, ડૉ. ઈન્દિરા નિત્યાનંદમ, શ્રીમતી નલીની સુબ્બારાવ, શ્રી સી.કે. કોશી, શ્રી રામા સુબ્બારાવ, પ્રિન્સીપાલ શ્રીમતી પ્રીતા પિલ્લાઈ તેમજ અન્ય મહાનુભાવોએ પોતાની હાજરી આપી હતી.

શાળાના શિક્ષકો તથા સ્ટાફના અથાગ પરિશ્રમ અને સહયોગને પરિણામે શાળાના વિદ્યાર્થીઓને કાર્યક્રમ માટે તૈયાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા નાટક, નૃત્ય અને કવિતા દ્વારા ઉપસ્થિત પ્રેક્ષકગણ તથા વાલીગણને મંત્રમુગ્ધ કરી કાર્યક્રમને મનોરંજક તથા સફળ બનાવ્યો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૭
સૂર્યાસ્ત : ૬.૧૪

તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :

બેંગ બેંગ : ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૧૨.૪૫
લેફ્ટ બીહાઈન્ડ (અંગ્રેજી) : ૪.૦૦, ૯.૩૦
તમંચે : ૭.૦૦

: સ્ક્રીન-૪ :

તમંચે : ૧૦.૦૦
એક્કીસ તોંપો કી સલામી : ૧૨.૪૫
હૈદર : ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
બેંગ બેંગ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૫ :

એક્કીસ તોંપો કી સલામી : ૬.૩૦
તમંચે : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
બેંગ બેંગ : ૧૦.૦૦

: સ્ક્રીન-૬ :

બેંગ બેંગ : ૩.૪૫
એક્કીસ તોંપો કી સલામી : ૧૨.૪૫
તમંચે : ૭.૦૦
હૈદર : ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બેંગ બેંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

તમંચે : ૧૦.૧૫, ૭.૧૫
જીગરીયા : ૧.૧૫, ૧૦.૧૫
હૈદર : ૪.૧૫

સ્ક્રીન-૩ :

એક્કીસ તોંપો કી સલામી : ૧૦.૦૦, ૪.૦૦
સ્પાર્ક : ૧.૦૦, ૭.૦૦
હૈદર : ૧૦.૦૦

આપની આજ

મેષ : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

વૃષભ : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

મિથુન : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

કર્ક : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

સિંહ : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

કન્યા : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

તુલા : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

વૃશ્ચિક : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

ધન : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

મકર : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

કુંભ : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

ચિરવિદાય

- સ્વ. મોહનભાઈ ઈશ્વરભાઈ દંતાણી (ઉ.વ.૨૫) સેક્ટર-૨૦ના ચર્ચની બાજુના છાપરા, ગાંધીનગર
- સ્વ. નગીનદાસ, મગનલાલ ગાંધી (ઉ.વ.૮૨) પ્લોટ નં. ૯૦૯/૨, સેક્ટર-૧ ઉબી, ગાંધીનગર